
# ભિલોડા તાલુકામાં તમાકુ, ગુટખા, બીડી, સિગારેટનો ભાવ આસમાને

ભિલોડા,તા.૧૫

કોરોના વાઈરસની મહામારી દરમ્યાન ૪ લૉકડાઉન દરમ્યાન જીવન જરૂરી આવશ્યક ચીજવસ્તુઓ સહિત તમાકુ, ગુટખા, બીડી, સિગારેટનો ભાવ આસમાને પહોંચતા પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી રહ્યો છે. અનલૉક-૦૧માં વ્યાપક છુટછાટ મળવા છતાં અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં તમાકુ, ગુટખા, બીડી, સિગારેટનો ભાવ આસમાને પહોંચતા ગ્રાહકો ભારે મુંઝવણમાં મુંકાયા છે. બજારો રાબેતા મુજબ ખુલી ગયા હોઈ પરંતુ હોલસેલ વેપારીઓ ધોળા દિવસે ઉઘાડી લુંટ ચલાવી રહ્યા છે. વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ મલાઈદાર હપ્તા લેતા હોવાથી અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. ગરીબ અને મધ્યમ વર્ગ દિન-પ્રતિ-દિન લુંટાઈ રહ્યો છે.



લૉકડાઉન અગાઉ ભરપુર સ્ટોક કરી લેનાર હોલસેલ વેપારીઓએ અધધધ... ધુમ કમાણી કરી છે. અનલૉક-૦૧માં વ્યાપક છુટછાટ રાજ્ય સરકાર ધ્વારા આપી હોવા છતાં તમાકુ, ગુટખા, બીડી, સિગારેટ પરના નિયંત્રણો હટાવી લેવાયા છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે તમાકુ, ગુટખા, બીડી, સિગારેટ, પાન-મસાલા મુળ કિંમતે બજારોમાં મળતા નથી ? હોલસેલ વેપારીઓ મનફાવે તેમ ભાવ નક્કી કરીને એમ.આર.પી. થી વધુ દોઢથી બે ગણા ઉંચા ભાવે વેચાણ બેરોકટોક કરી રહ્યા હોવાથી ગ્રાહકો લુંટાઈ રહ્યા છે. જીલ્લા કક્ષાના વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ સત્વરે અસરકારક ન્યાયિક કાર્યવાહી કરે તેવી પ્રબળ લાગણી બળવત્તર બની છે.

આદિવાસી વિસ્તારમાં ભોળા, અભણ માણસોને બે નંબરીયા વેપારીઓ ધોળા દિવસે લુંટી રહ્યા છે. કાચા બીલની ચિઠ્ઠીઓ ઉપર કાળો કારોબાર બેરોકટોક ધમધમી રહ્યો છે. લૉકડાઉન દરમ્યાન તમાકુ, ગુટખા, બીડી, સિગારેટના વેપારીઓએ બે નંબરમાં ધુમ કમાણી કરી છે.

# મહેસાણા જિલ્લામાં નવા ચાર કોરોનાના કેસ નોંધાયા

## જિલ્લામાં આજ દિન સુધી કોવિડ-૧૯ના ૧૮૪ કેસ નોંધાયા

મહેસાણા, તા.૧૫

મહેસાણા જિલ્લામાં કોવિડ-૧૯ની પરિસ્થિતિ મુજબ ૧૫ જુન સુધીમાં ૨૫૮૬ નમુના લેવામાં આવેલ હતા જેમાંથી ૨૪૧૦ સેમ્પલ નેગેટીવ આવેલ છે. મહેસાણા જિલ્લામાં સોમવારે ૦૫ સેમ્પલના આવેલ પરીણામમાંથી ૦૪ નું પરીણામ નેગેટીવ અને ૦૧નું પરીણામ પોઝીટીવ આવેલ છે.જિલ્લામાં માત્ર ૩૦ સેમ્પલના પરીણામ પેન્ડીંગ છે.જિલ્લામાં ૧૮૪ પોઝીટીવ કેસ આજ દિન સુધી નોંધાયા છે.જેમાંથી ૪૯ કેસ એકટીવ છે તેમજ ૧૨૧ દર્દીઓએ કોરાનાને પરાસ્ત કરતાં રજા આપેલ છે.આજે જિલ્લામાં ત્રણ પોઝીટીવ કેસ ખાનગી લેબમાં નોંધાતા કુલ ચાર પોઝીટીવ કેસ નોંધાયા છે.

આજે ૦૩ ખાનગી અને એક મહેસાણા સરકારી ફેસીલીટમાં નોંધાયેલ કેસની વિગતો જોઇએ તો.. ૩૮ વર્ષીય કનુંભાઇ પટેલ જેઓ બી-૧૦૨,રાજ રેસીડન્સી,નાની કડી રહે છે જેઓ કડીમાં મોબાઇલ શોપ ધરાવે છે તેમજ તેઓને સારવાર અર્થે રીધમ હોસ્પિટલ કડી ખાતે દાખલ કરેલ છે.૪૩ વર્ષીય મહેશભાઇ પટેલ જેઓ ૬૧-જલધારા સોસાયટી કડી ખાતે રહે છે તેમજ તેઓ કડી ખાતે પ્રાઇવેટ કલાર્ક તરીકે સર્વિસ કરે છે જેઓને રીધમ હોસ્પિટલ કડી ખાતે દાખલ કરેલ છે.,મહેસાણાના ૪૩ વર્ષીય વિશાલ શાહ જેઓ અજીત ટ્રેડીંગ મહેસાણા ખાતે સર્વિસ કરે છે જેઓને સાંઇ ક્રિષ્ણા હોસ્પિટલ મહેસાણા ખાતે દાખલ કરેલ છે. આ ઉપરાંત વિસનગ ખાતે રહેતા ૫૮ વર્ષીય બીપીનકુમાર શાહ જેઓ કોવિડ પોઝીટીવ કેસના સંપર્કમાં આવેલ હતા જેઓને જી.એમ.ઈ.આર.એસ ગાંધીનગર ખાતે દાખલ કરેલ છે તેમ જિલ્લા આરોગ્ય અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ભિલોડાના ગ્રામ્ય વિસ્તારોમાં તીડનાં ઝુંડનું આક્રમણ

## દવા છંટકાવની કામગીરી, ખેડૂત પરિવારોએ થાળી વગાડી ભગાડવા મથામણ

ભિલોડા, તા. ૧૫

અરવલ્લી જીલ્લામાં તીડનું આક્રમણને ખાળવા જીલ્લા કલેકટરે ખેતીવાડી વિભાગ સાથે બેઠક યોજી હતી અને તીડનું આક્રમણ થાય તે પહેલા તંત્ર સજજ બન્યું છે. ભીલોડા તાલુકાના ૧૦ જેટલા ગ્રામ્ય વિસ્તારોમાં તીડનાં ઝુંડ ત્રાટકતા ખેતીવાડી કચેરીની ટીમ તેમજ ખેડૂતો દ્વારા તીડ ભગાડવાની કામગીરી શરૂ કરી હતી. ટીમો દ્વારા દવા છંટકાવ તથા ખેડૂતોએ અવાજ કરી તીડ ભગાડવા પ્રયત્નો આદર્યા હતા તીડનું રાત્રી રોકાણ સ્થળ શોધવા ટિમ કાર્યરત બની હતી, તીડનાં ઝુંડના આક્રમણના પગેલ ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે.

સોમવારે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ખુમાપુર, શંકરપુરા, કલ્લેખા, મઉ, કાળી ડુંગરી સહિતના ખેતરોમાં તીડના ઝુંડ દેખાતા જ ખેડૂતોમાં ભારે દોડધામ મચી હતી. ખેતીવાડી વિભાગે તાબડતોડ અસરગ્રસ્ત વિસ્તારોમાં પહોંચી દવાનો છંટકાવ કરવાની સાથે ખેડૂતો અને તેમના પરિવારોએ થાળીઓ વગાડી અન્ય રીતે અવાજ કરી તીડનાં ઝુંડના અક્રમણનને ખારવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

### પ્રતિ ૧ ચોરસ કિમી.માં તીડની સંખ્યા ૮ કરોડ સુધીની હોઈ શકે

કેન્દ્રની તીડ નિયંત્રણ ટીમો યમન અને સોમાલીયાથી દરિયા કિનારે તીડના મોટા ઝુંડ ટ્રેસ કરતા દેશના વિવિધ રાજ્યો તેમજ ગુજરાતને પણ સાવધાન કરાયું છે. કારણ કે જૂનના અંતિમ સપ્તાહથી લઈ જુલાઈના પ્રથમ પખવાડિયા દરમિયાન તીડના મોટા ઝુંડ રાજ્યમાં આવી શકે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે. ૫ થી ૭ કિમી.નું એક ઝુંડ પ્રતિ ચોરસ કિમી.માં તીડની સંખ્યા ૮ કરોડ થી વધુની હોઈ શકે છે.



ઉત્તર ગુજરાતના અરવલ્લી, સાબરકાંઠા મહેસાણા, પાટણ, બનાસકાંઠામાં જૂન માસની ૨૨ તારીખથી ૧૫ જુલાઈ એટલે કે ૨૩ દિવસ દરમિયાન રણ તીડ આક્રમણ કરે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. યમાન, સોમાલીયાથી કિનારા માર્ગે ગુજરાતના દ્વારકા ખાતેથી તીડ રાજ્યમાં પ્રવેશ કરશેની શક્યતા તીડ નિયંત્રણ વિભાગ દ્વારા કરાઈ છે. તીડથી થનારા નુકસાનથી બચવા માટે ખેતીવાડી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ યુધ્ધના ધોરણે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ટિમો બનાવી સર્વે તેમજ દવા છંટકાવ તથા ખેડૂતોના માર્ગદર્શન સાથે તીડ નિયંત્રણની જવાબદારી પણ સોંપાઈ છે. ઉત્તર ગુજરાતમાં ગ્રામસેવકો દ્વારા ખેડૂતોને તીડ આક્રમણનો સામનો કેવી રીતે કરવો તેની તાલીમ આપવાની સાથે પંપ તથા અવાજ કરતા સાધનો સહિતની વસ્તુઓ તૈયાર રાખવા સુચના કરવામાં આવી છે.

# મહેસાણા જિલ્લામાં ખેડૂતોના સહિયારા પ્રયાસથી તીડના આક્રમણનું સંકટ દૂર થયું



મહેસાણા, તા.૧૫

મહેસાણા જિલ્લામાં તીડ નિયંત્રણ માટે ખેતીવાડી વિભાગ તેમજ પદાધિકારીઓના સહયોગથી સરાહનીય કામગીરી રહી છે. મહેસાણા જિલ્લાના ખરોડ ગામની સીમાએ તીડનું ઝુંડ દેખાતા ખેડૂતો પર ચિંતા છવાઇ ગઇ ખેડૂતો તીડના સંક્રમણથી મુક્ત રહે તેને ધ્યાને રાખી ખેતીવાડી કચેરીની ટીમ તેમજ ખેડૂતો દ્વારા તીડ ભગાડવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. તીડથી થનારા નુકસાન થી બચવા માટે જિલ્લા પંચાયતના જેટિંગ મશીન ની સાથે વહેલી સવારે ખરોડ ગામે પોહંચી તીડના ઝુંડ પર દવાનો છંટકાવ કર્યો હતો. જેમા લાખો તીડનો ખાત્મો બોલાવી દેવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય એક તીડનું ઝુંડ મહેસાણા જિલ્લામાં થી ઈડર તરફ પ્રયાણ કર્યું હતું. મહેસાણા જિલ્લામાં થી તીડનું આક્રમણ ઓછુ થતા ખેડૂતો આંનદીત થયા. તીડ નિયંત્રણ કામગીરી સમયે ખેડૂતો, ખેતીવાડી કચેરીની ટીમ તેમજ વિજાપુરના ધારાસભ્ય રમણભાઇ પટેલ, અગ્રણી નિતીનભાઇ પટેલ કાર્યકરતા હાજર રહ્યા હતા

# અરવલ્લી જિલ્લાનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૮૧.૪૪ ટકા પરીણામ

## સમગ્ર રાજયમાં ૮ ક્રમે : જિલ્લાના ૧૩ કેન્દ્રો પરથી ૬૭૦૦ પૈકી ૬૬૬૧ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી હતી

મોડાસા, તા. ૧૫

ગુજરાત રાજય માધ્યમિક બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૭૬.૨૯ ટકા પરીણામ જાહેર કરવામાં આવ્યું જેમાં અરવલ્લી જિલ્લો ૮૧.૪૪ ટકા પરીણામ સાથે સમગ્ર રાજ્યમાં ૮માં ક્રમે રહ્યો છે.

અરવલ્લી જિલ્લામાં ધોરણ-૧૨ના ઉત્તર બુનિયાદી, વ્યવસાયલક્ષી અને સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૬૭૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૧૩ કેન્દ્રોના ૩૨૮ બ્લોકમાં ૬૬૬૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી પરીક્ષા આપી હતી.

રાજ્ય માધ્યમિક બોર્ડ દ્વારા પરીણામ જાહેર કરવામાં આવતા જિલ્લાના ૧૩ કેન્દ્રો પૈકી ભિલોડાના વાંકાનેર કેન્દ્રનું સૌથી ઉચું ૯૭.૨૬ ટકા પરીણામ આવ્યું છે, જયારે જિલ્લાના અન્ય કેન્દ્ર પરીણામવાર વિગત જોઈએ તો ધનસુરાનું ૮૫.૩૦, મોડાસા ૭૫.૯૯, જીતપુર (મરડીયા) ૭૮.૩૯, બાયડ ૬૪.૩૯, સાંઠબા ૮૭.૪૭, જીતપુર (બાયડ) ૯૪.૬૩, મેઘરજ ૮૨.૨૯, ભિલોડા ૮૨.૫૦, વાંકાનેર ૯૭.૨૬, માલપુર ૭૭.૧૪, ઈસરી ૮૭.૩૭ અને શામળાજી કેન્દ્રનું ૮૭.૦૩ ટકા સાથે સમગ્ર જિલ્લાનું ૮૧.૪૪ ટકા પરીણામ સાથે અરવલ્લી સમગ્ર રાજ્યમાં ૮માં ક્રમે રહ્યો છે. જે ગત વર્ષ ૭૧.૫૦ ટકા પરીણામની સરખામણીએ આ વર્ષે પરીણામ ઉંચુ આવ્યું છે.

જેમાં વિદ્યાર્થીઓ મેળવેલ ગ્રેડ વાર વિગત જોઈએ તો એ-૧માં ૦૧, એ-૨માં ૮૭, બી-૧-૭૭૪, બી-૨માં ૧૮૪૧, સી-૧માં ૧૯૩૬, સી-૨માં ૭૪૧, ડી ગ્રેડમાં ૪૪, ઈ-૧માં ૦૧, જયારે સુધારાની આવશ્યકતા જણાતી હોય તેવા (દ્વીદ્વંજ઼ૈં દ્વંદ્વિદ્વીહં) ૧૨૭૫ વિધાર્થીઓનો સમાવેશ થાય છે.

# ઊંઝા ખાતે જુગારના અડ્ડા પર પોલીસનો દરોડો : દશની ધરપકડ

ઊંઝા, તા. ૧૫

ઊંઝા ખાતે નવા ગંજબજારમાં પાછળના ભાગે જય વિજય સોસાયટી રોડ પર આવેલ ગણેશ આર્કેડના બીજા માળે એક ઓફિસમાં ચાલતા જુગારના અડ્ડા પર મહેસાણા જિલ્લાકક્ષાની ત્રણ એજન્સીઓએ સંયુક્ત રીતે છાપો મારી સ્થળ પરથી મુખ્ય સૂત્રધાર સહિત દસ શખ્સોને પકડી પાડી રોકડ રકમ તથા જુગારના સાધનો મોબાઈલ ફોન મળી કુલ ૧,૨૮,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરતાં શહેરમાં ભારે ચકચાર મચી છે.

વિગત એવી છે કે ઊંઝા ટાઉનમાં જય વિજય સોસાયટી રોડ પર ગણેશ આર્કેટ નામે કોમ્પલેક્ષ આવેલ છે. આ કોમ્પલેક્ષના બીજા માળે આવેલ ઓફિસમાં ઊંઝાના ધર્મેન્દ્ર ઉર્ફે મિલન રાયચંદભાઈ પટેલ પોતાના આર્થિક ફાયદા સારૂ બહારથી માણસો બોલાવી ગંજીપાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા હોવાની મળેલ બાતમીના આધારે મહેસાણા એલસીબી એસઓજી અને પેટ્રોલ ફર્લો સ્કવોર્ડના અધિકારીઓએ સ્ટાફ સાથે સાંજના સમયે અચાનક છાપો માર્યો હતો. અને જુગાર રમતા ધર્મેન્દ્ર ઉર્ફે મિલન રાયજચંદભાઈ પટેલ રહે. ઊંઝા, ઠાકોર વિષ્ણુજી હિરાજી રહે. લીંચ તા. જી. મહેસાણા, પટેલ કેશવન અરવિંદભાઈ રહે. ઊંઝા, પટેલ સમીર ઈશ્વરભાઈ ઊંઝા, પટેલ કિશન સુરેશભાઈ ઊંઝા, પટેલ કેયુર ભરતભાઈ ઊંઝા, પટેલ સ્નેહલ માધવલાલ રહે. તરભ, તા. વિસનગર, રબારી જયરામ ગોવાભાઈ રહે. જેતલવાસણા, તા. વિસનગર, પટેલ ધર્મેન્દ્ર ધીરૂભાઈ ઊંઝા અને જોષી કલ્પેશ અમીરામભાઈ મૂળ રહે. વડાણા તા. ભાભર હાલ ઊંઝાને પકડી પાડી સ્થળ પરથી ૧,૧૧,૬૦૦ રૂપિયાની રોકડ રકમ, મોબાઈલ ફોન નંગ-૪ કિંમત ૧૭૦૦૦ રૂપિયા, પ્લાસ્ટિકના કોઈન નંગ-૧૧૦૦ મળી કુલ ૧,૨૮,૬૦૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ કબજે કરી ઊંઝા પોલીસ મથકે જુગાર અટકાયતી અધિનિયમ હેઠળ ગુનો નોંધાવ્યો હતો. આ ગુનાની તપાસ મહેસાણા એલસીબી પો.ઈ. પૃથ્વીરાજસિંહ એ. પરમાર ચલાવી રહ્યા છે.

કહે છે કે ઊંઝામાં કથિત રાજકીય ઓથ ધરાવતા જુગારના અડ્ડાના મુખ્ય સૂત્રધાર જુગાર રમતા રમાડતા પોલીસના હાથે ઝડપાતા સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી સાથે ચકચાર જાગી છે. આ જુગારના દરોડાથી સ્થાનિક પોલીસની બેદરકારી છતી થવા પામી છે.

## ૨૧ જૂને અમાસના સૂર્યગ્રહરણ હોવાથી
# અંબાજી મંદિરમાં આરતી-દર્શનના સમયમાં ફેરફાર

અંબાજી, તા. ૧૫

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વરા અખબારી યાદીમા જણાવ્યું છે કે, તા.૨૧ જૂન ૨૦૨૦ રવિવારને જેઠ વદ-૩૦ (અમાસ)ના રોજ સૂર્યગ્રહણ હોવાથી ધાર્મિક નિયમો મુજબ અંબાજી માતા મંદિર, અંબાજીમાં આરતી તથા દર્શનમા સમયમા ફેરફાર રહેશે.

| | |
|---|---|
| રાજભોગ/આરતી | - ૦૩.૩૦ થી ૦૪.૦૦ |
| દર્શન બપોરે | - ૦૪.૦૦ થી ૪:૩૦ |
| મંદિર મંગળ | - ૦૪.૩૦ થી ૦૭.૦૦ |
| સંધ્યા આરતી | - ૦૭.૦૦ થી ૦૭.૩૦ |
| સાંજના દર્શન | - ૦૭.૩૦ થી ૦૮.૧૫ |
| મંદિર મંગળ | - રાત્રે ૮:૧૫ કલાકે. |

તા.૨૦/૦૬/૨૦૨૦ના રાત્રે ૮.૧૫ કલાકેથી તા.૨૧/૦૬/૨૦૨૦ના બપોરના ૩.૩૦ કલાક સુધી મંદિર બંધ રહેશે.

# બારેશી પ્રજાપતિ સમાજનું ગૌરવ

ભિલોડા,તા.૧૫



બારેશી પ્રજાપતિ સમાજનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. પુનાસણ ગામના રહેવાસી અને ભિલોડા માતૃશ્રી આર. જે. તન્ના પ્રેરણા વિદ્યા મંદીરમાં અભ્યાસ કરતો સ્મિતકુમાર ભરતભાઈ પ્રજાપતિએ ધોરણ.૧૦ની પરીક્ષામાં વિરાટ સિધ્ધી હાંસલ કરેલ છે. ૬૦૦ ગુણમાંથી ૫૧૫ ગુણ મેળવી ૯૮.૮૯ પર્સેન્ટાઈલ રેંક મેળવી બારેશી પ્રજાપતિ સમાજ, પરીવાર, પુનાસણ ગામ સહિત હાઈસ્કુલનું ગૌરવ વધારવા બદલ વિદ્યાર્થીને બિરદાવ્યો હતો.

# ધાનેરા રેફરલ હોસ્પિટલમાં ઓટોમેટીક સેનિટાઇઝર મશીન ભેટમાં આપવામાં આવ્યું



અત્યારે કોરોના ને લઇ સમગ્ર વિશ્વ માં ડર જોવા મળી રહ્યો છે ત્યારે તંત્ર દ્વારા પણ કોરોના પર નિયંત્રણ કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે ધાનેરા નગરપાલિકા બાંધકામ સમિતિના ચેરમેન જયેશભાઇ સોલંકી દ્વારા ધાનેરાની રેફરલ હોસ્પિટલ ખાતે આવતા દરદીઓ અને ડોક્ટરો વચ્ચે કોરોના નું સંક્રમણ ન થાય તે માટે આજે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં જયેશભાઈ સોલંકી દ્વારા ઓટોમેટીક સેન્સર વાળું સેનિટાઇઝર મશીન ભેટમાં આપવામાં આવ્યું છે રેફરલ હોસ્પિટલમાં આવતા દરદીઓ અને ડોક્ટરો વચ્ચે કોરોના નુ સંક્રમણ ન થાય તે બાબતનું ધ્યાન રાખી જયેશભાઈ સોલંકી દ્વારા આ મશીન ભેટમાં આપતાં રેફરલ હોસ્પિટલના ડોકટર શૈલેન્દ્રસિંહ પરમાર દ્વારા જયેશભાઈ સોલંકી નો આભાર માનવામાં આવ્યો હતો માનવામાં આવ્યો હતો.

# સાબરકાંઠાનું ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું ૮૦.૪૩ ટકા પરિણામ

## જિલ્લાના ૧૮ સેન્ટરો પરથી ૮૭૮૧ પૈકી ૮૭૪૫ વિદ્યાર્થીઓઓ પરીક્ષા આપી હતી : બોર્ડના પરિણામ કરતા સાબરકાંઠાનું ૩ ટકાથી વધુ

હિંમતનગર, તા. ૧૫

ગુજરાત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ માસમાં લેવાયેલી ધો. ૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી તથા ઉત્તર બુનીયાદી પ્રવાહનું સોમવારે પરિણામ જાહેર થયુ છે. ત્યારે તેમાં સાબરકાંઠાનું પરિણામ ૮૦.૪૩ ટકા આવ્યુ છે જે સમગ્ર બોર્ડના પરિણામ કરતા અંદાજે ૩ ટકાથી વધુ છે. જિલ્લાના ૧૮ સેન્ટરો પરથી ૮૭૪૫ વિદ્યાર્થીઓએ સીસીટીવી કેમેરાની નિગરાની હેઠળ પરીક્ષા આપી હતી. જોકે પરીક્ષા દરમિયાન ચોરીના કેટલાક કેસ નોંધાયા હતા.

આ અંગે જિલ્લા માધ્યમિક શિક્ષણ કચેરીના શિક્ષણાધિકારી વ્યાસના જણાવ્યા મુજબ ગત માર્ચ માસમાં જિલ્લાના હિંમતનગર અને ઈડર ઝોનના માધ્યમથી લગભગ ૧૮ સેન્ટરો પર ધો. ૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી અને ઉત્તર બુનિયાદી પ્રવાહની પરીક્ષા લેવાઈ હતી. જે દરમિયાન બોર્ડ દ્વારા સઘન વ્યવસ્થા ગોઠવીને કોઈપણ વિદ્યાર્થી કોપી ન કરે તેની તકેદારી રાખવામાં આવી હતી તેમ છતાં પરીક્ષા દરમિયાન ચારથી વધુ કોપી કેસ તત્કાલીન સમયે નોંધાયા હતા. ત્યારબાદ તે વિદ્યાર્થીઓ સામે બોર્ડ દ્વારા ઘટતી કાર્યવાહી કરવામાં આવી હતી.

બીજી તરફ કોરોનાને લીધે પેપરો તપાસવાનું કામ નિર્ધારીત સમય કરતા મોડુ શરૂ થયુ હતુ તેમ છતા સુચારૂ વ્યવસ્થાને લીધે બોર્ડના અધિકારીઓએ ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ સમયસર જાહેર થાય તેવા પ્રયાસ કર્યા હતા. સોમવારે પરિણામ જાહેર થતાની સાથે જ ત્રણેય પ્રવાહના વિદ્યાર્થીઓએ મોબાઈલના માધ્યમથી સવારે જ પરિણામ જાણી લીધુ હતુ અને પોતાના સહઅધ્યાયીઓના પરિણામ જાણવા માટે સંપર્ક કર્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં ધો. ૧૨ સામાન્ય પ્રવાહના પરિણામની વાત કરીએ તો તેમાં ૮૭૮૧ વિદ્યાર્થીઓએ આવેદનપત્રો ભર્યા હતા તે પૈકી ૮૭૪૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જિલ્લાની અનેક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓએ પરિણામ જાહેર થતાની સાથે જ ભવિષ્યમાં કયા કોર્ષમાં પ્રવેશ મેળવવો તે અંગે એકબીજા સાથે પૃચ્છા શરૂ કરી દીધી હતી. જિલ્લામાં સૌથી વધુ પરિણામ વિજયનગર કેન્દ્રનું ૯૪.૬૨ ટકા આવ્યું છે. જ્યારે જિલ્લામાં સૌથી ઓછુ પરિણામ ગાંભોઈ કેન્દ્રનું ૭૩.૦૮ ટકા આવ્યુ છે. ઉલ્લેખનીય છે કે ધો. ૧૨ સામાન્ય પ્રવાહના જાહેર થયેલા પરિણામ પરથી જિલ્લાના ફક્ત ૩ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે.

### કયાં સેન્ટરનું કેટલા ટકા પરિણામ

| | |
|---|---|
| પુંસરી | ૯૨.૧૦ |
| તલોદ | ૬૧.૩૦ |
| રણાસણ | ૭૯.૮૩ |
| નિકોડા | ૮૯.૪૩ |
| ઈડર | ૭૮.૪૦ |
| જાદર | ૭૭.૩૯ |
| ઉમેદગઢ | ૮૩.૭૩ |
| કાવા | ૯૨.૯૯ |
| પ્રાંતિજ | ૭૮.૮૩ |
| મજરા | ૯૩.૨૮ |
| હિંમતનગર | ૭૭.૮૩ |
| ગાંભોઈ | ૭૩.૦૮ |
| બડોલી | ૭૮.૦૦ |
| વડાલી | ૮૨.૩૧ |
| ખેડબ્રહ્મા | ૭૩.૪૬ |
| લાંબડીયા | ૮૮.૭૯ |
| વિજયનગર | ૯૪.૬૨ |
| ચિઢોડા | ૭૪.૨૭ |
| અંદ્રોખા | ૯૪.૪૬ |

# દીકરી દેવો ભવ ચિત્ર મોમેન્ટો આપી સામાજિક કાર્યકરનું વિશેષ સન્માન



ડીસા

ડીસા સાઈબાબા મંદિર ખાતે ધાર્મિક સામાજિક તથા શૈક્ષણિક કાર્યક્રમોનું ખુબજ અનેરા ઉત્સાહ સાથે ટ્રસ્ટી પરિવાર દ્વારા આયોજન કરવામાં આવે છે જેનો લાભ સમાજના દરેક ભાઈ-બહેનોને મળે છે જેમ કે શૈક્ષણિક ભણતરની કીટ હોય કે ખીચડી-કઢી ભોજન પ્રસાદ નો કાર્યક્રમ હોય તથા ધાર્મિક કથાઓનું આયોજન તેમજ આરોગ્ય તથા રક્તદાન કેમ્પ જેવા અનેક કાર્યક્રમનું આયોજન સાઈબાબા મંદિર ડીસા ખાતે કરવામાં આવે છે જે અન્વયે ૧૪મી જૂન વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે ઈન્ડીયન રેડકોસ સોસાયટી તથા ભણસાલી હોસ્પિટલના સંયુકત ઉપક્રમે રક્તદાન કેમ્પનું આયોજન થેલેસેમિયાના બાળકો તથા ગર્ભવતી મહિલાઓ અને બીજા દર્દીઓને આવા વૈશ્વિક કોરોના મહામારી સંદર્ભે દર્દીઓને રક્ત મળી શકે જે અન્વયે સુંદર રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના ઉત્સાહથી વર્ષોથી સેવા આપતા સામાજિક કાર્યકર તથા મંદિરના સરળ અને હસમુખા સ્વભાવના ટ્રસ્ટી સતિષભાઈ પંચાલનું સન્માન આજરોજ કલા સૃષ્ટિ ફાઉન્ડેશન ડીસાના પ્રણેતા ચંદુભાઈ એ.ટી.ડી. તથા ઈન્ડિયન રેડ કૉર્સ સોસાયટી ડીસા દ્વારા દીકરી દેવો ભવ ચિત્ર મોમેન્ટો તથા સન્માનપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું જે કાર્યક્રમમાં ઈન્ડીયન રેડકોસ સોસાયટી ડીસાના પ્રમુખ અરૂણભાઈ કડેલ, સુભાષભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, અતિથિ વિશેષ દલપત ભાઈ માળી બ્રહ્માણી ઝેરોક્ષ ડીસા તથા રૂષભભાઈ શાહ ઓલ ઈન્ડિયા બસ કન્વીનર જીઓ દ્વારા સન્માન કરવામાં આવેલ.